PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૧/કવા–૦૨/૧૮–૧૯/ 8932-4 તા. 25-9-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
કરમુર ખીમા ભાયા રાણા,
ગામ: દેવળીયા
તા. કલ્યાણપુર, જી: દેવભુમી દ્વારકા
પીનકોડ –૩૬૧૩૨૦

(4B)

વિષય :–ખેત જોડાણ માં શીફટીંગ સાથે વીજભાર વધારા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૧/કવા–૦૨/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

B-45

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૩૧/કવા–૦૨/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૨૦–૦૯–૧૮ સ્થળ : જામનગર

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)
અરજદાર (ફરીયાદી): નામ: કરમુર ખીમા ભાયા રાણા, ગામ: દેવળીયા
રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :
પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)
રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા

## : હુકમ :

ફરીયાદ : ખેત જોડાણ માં શીફટીંગ સાથે વીજભાર વધારા બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ ના કલ્યાણપુર તાલુકાના દેવળીયા ગામે તેઓ ની માલીકી ના સર્વે નંબર: ૬૬૭ / પૈ ૧૨ (નવા સર્વે નંબર: ૧૫૮૮) ની જમીન ના કુવા પર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૫૭૨૦૦૦૩૬૫૭ ૦૫ હોપા થી ધરાવે છે. જોડાણ વાળા કુવા નુ પાણી ખલાસ થઈ જતા – તેઓએ તેમની જમીન પર – અન્ય કુવો બનાવેલ છે, જેમા પાણી પણ છે. અરજદાર ને તેમની જમીન પર ના બીજા કુવા પર – વીજભાર વધારા સાથે શીફટીંગ કરાવવુ હોય – તે અન્વયે તા.૩૦–૦૪–૧૮ થી પીજીવીસીએલ મા અરજી આપેલ છે, પરંતુ પીજીવીસીએલ દ્વારા – વીજભાર વધારો કરાયેલ હોય – પણ શીફટીંગ હજુ સુધી કરાયેલ ન હોય – આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી કરમૂર ખીમાં ભાયા રાણા દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. દેવળીયા ખાતે ખેત જોડાણમાં શિફ્ટિંગસાથે વિજભાર વધારા બાબત માટે રજૂઆત કરેલ. સદર બાબતના અનુસંધાને નાયબ ઈજનેર કલ્યાણપુર દ્વારા સર્વેની કામગીરી પૂર્ણ કરી અરજદારની કેસ ફાઇલ તાંત્રિક મંજૂરી માટે અત્રેની વિભાગીય કચેરી ખાતે મોકલેલ હતી, તે મુજબ – અરજદારની કેસ ફાઇલ અધૂરાસ પૂર્ણ કરવા અર્થે પેટા વિભાગીય કચેરીએ પરત આવેલ હતી.જે અધુરાશ પૂર્ણ કરવા માટેના દસ્તાવેજી પુરાવા અરજદાર દ્વારા ૧૦.૦૯.૨૦૧૮ ના રોજ પૂર્ણ કરવા આવેલ પરંતુ તેમાં અરજદાર દ્વારા જે ગામનો નમૂનો ૧૬ આપવામાં આવેલ છે તેમાં દર્શાવેલ સર્વે નંબર તથા ખેતીવાડી વીજ જોડાણની શિફ્ટ કરવાની અરજીમાં દર્શાવેલ સર્વે નંબર અલગ જણાતા અધુરાશ પૂર્ણ કરવા ફરીથી જાણ કરેલ જે પૂર્ણ થયે આગળની કાર્યવાહી કરવામાં આવશે.આ સંદર્ભે અરજદારને કેએસડી/ટેક/૧૮/૬૯૯૭ તા.૧૮.૦૯.૨૦૧૮ થી પત્ર દ્વારા જાણ કરેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે,<br>અરજદાર શ્રી ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૫૭૨૦/૦૦૩૬૫/૭ ના હૈયાત ૦૫ હોપા ના વીજભાર મા, વધારાના ૨.૫ હોપા વીજભાર નો વધારો મેળવી અને જોડાણ ને કુલ ૭.૫ વીજભાર વાળુ અને શીફટીગ કરવા માટે ની રૂ.૨૦૦/– નોધણીચાર્જ, જે તા.૩૦–૦૪–૧૮ ના રોજ ભરપાઈ કરી અને અરજી આપેલ છે. તે મુજબ – અરજદાર નો જુનો સર્વે નંબર ગામ: દેવળીયા ખાતે – ૬૬૭ પૈકી ૧૨ થી નવા જમીન ના સર્વે નંબર – ૬૬૭ પૈકી ૧૨ જે એક જ જમીન ના ખાતામા બીજા કુવા પર શીફટીગ કરવાની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી ના પત્ર તા. ૦૯–૦૮– ૧૮ થી અરજદાર ને (1) બંને જગ્યાના કૂવાનો 16 નંબરનો દાખલો (2)કનેક્શન શિફ્ટ કરવા માટેની કારણ દર્શાવતી અરજદારની અરજી વહેલી તકે પૂર્ણ કરી જવા માટે જાણ કરવામાં આવેલ. સદર બાબતે અરજદાર દ્વારા ગામ: દેવળીયા નો નમુનો નં.–૬ રજુ કરેલ – તેમા સર્વે નંબર: ૧૫૮૮ દર્શાવેલ છે, જેથી પેટા વિભાગીય કચેરી દ્વારા – અરજદાર ને ૧૮–૦૯–૧૮ થી સર્વે નંબર અલગ પડતા હોય – અરજી મુજબ દિન–૦૭ માં દસ્તાવેજીક આધાર પુરાવા રજુ કરવા જણાવેલ. અરજદાર દ્વારા સદર આધાર પુરાવા રજુ કર્યે થી નિયમાધીન વીજજોડાણ ને શીફટીગ દિન–૩૦ મા કરી આપવામા આવશે, તેમ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ફોરમ કમિટી સમક્ષ જણાવેલ. |
| <u>૩.૨</u> | સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. <u>૩.૧</u> મુજબ ની વિગતે અરજદાર દ્વારા તેઓની અરજી મુજબ – વીજજોડાણ ને શીફટીગ કરવા અંગે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા માંગવામા આવેલ જરૂરી આધાર પુરાવા રજુ કર્યે થી – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર બાબતે ની કાર્યવાહી દિન–૩૦ મા પૂર્ણ કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.